# લગ્નેચ્છા તો નથી જ, નથી જ, નથી નથી

પ્રાણભાઈને જોઈને મેં તો તરત જ ભાખેલું કે આ સિદ્ધાંતનો કટકો છે. પહેરવેશમાં પાણકોરું ને વાતચીતમાં વિનય. વળી વાતચીતમાં વચ્ચેવચ્ચે પૂર્ણવિરામની જગ્યાએ સ્મિતવિરામ. એની પણ કિસમ કિસમ. કદીકને એમના મનમાં ખીજ ચડે તો પણ સ્મિત. સમજાવટ કરવાની હોય તો પણ સ્મિત. જોકે એટલું ખરું કે આ બધાં જ સ્મિતનાં પહોળાઈ ને પ્રકાર અલગઅલગ. માત્ર એમનું કોઈ કાયમનું અંતેવાસી જ કહી શકે કે આ પ્રાણભાઈ હમણાં મરક્યા એનો મતલબ શો?

સિદ્ધાંતનો કટકો એટલા માટે કે ઘરભંગ થયા પછી ફરી લગ્ન નહીં તે નહીં જ વળી. સમજાવનાર સમજાવી સમજાવીને બેવડા વળી ગયા, પણ પ્રાણભાઈએ મંદમંદ સ્મિત કર્યે રાખ્યું. મતલબ કે ના ના ને ના જ. આવડી મોટી મહાભારતી મહાવિદ્યાલય જેવી સંસ્થાના સંચાલક, ને છતાં કોઈ દીકરી ના વરાવે એવું બને નહીં. ઘરભંગ થયા પછી તરત જ એક પ્રધાનની દીકરીનું માગું આવેલું, પણ મરકીને વળી પ્રાણભાઈ બોલ્યા : ‘લગ્નેચ્છા નથી.’

‘કેમ?’ એક મિત્રે પૂછ્યું : ‘ઘરડા થયા?’

‘ના.’ એ બોલ્યા. લગ્નેચ્છા નથી તે નથી જ. ‘ગાંધીબાપુની જેમ એકપત્નીવ્રત.’

મિત્ર મૂંગો થઈ ગયો. પ્રાણભાઈ મોટાઈભર્યું હસ્યા.

એવામાં શાળામાં સંસ્કૃતમાં માસ્તરની જગ્યા ખાલી પડી. પ્રાણભાઈ પોતે સંસ્કૃતના કીટ, પણ કેટલેક પહોંચે? કોઈને ભરવાનો વિચાર કરતા હતા ત્યાં જ બાતમી-એટલે કે માહિતી મળી કે નવાપરની સંસ્કૃતશિક્ષિકા જશુબહેન વિધવા થયા પછી એ ગામ જ સમૂળગું છોડવા માગે છે ત્યારે તરત જ સામેથી

માણસ દોડાવ્યું :'અમે અમારી સંસ્થામાં એક સંસ્કૃતશિક્ષિકા સેવાર્થે લેવા માગીએ છીએ. ઇચ્છુક હો તો અવશ્ય આવશો. વેતન વગેરે પ્રત્યક્ષ મળ્યા પછી નક્કી કરીશું.'

જશુબહેન તરત જ રૂબરૂ આવી ગયાં. પ્રાણભાઈએ સ્મિત કરીને આવકાર આપ્યો. જળપાન કરાવીને સંસ્થાદર્શન કરાવવા લઈ ગયા. ઉદ્યાન અને ઉદ્યાનની વચ્ચે અધ્યાપનકુટિર જોઈને જશુબહેન અત્યંત પ્રભાવિત થયાં. પ્રાણભાઈ એમના પ્રભાવિત થવાને કારણે ઓછાઓછા થઈ ગયા. અને એ મતલબનું સ્મિત કર્યું. અને બોલ્યાં : 'સંસ્થા બાળકોને સિદ્ધાંતલક્ષી કેળવણી આપવામાં માને છે.'

બગીચામાં ઠેરઠેર સિદ્ધાંતો ચીતરેલાં પાટિયાં માર્યાં હતાં. એ તરફ જોઈને જશુબહેન ઝીણા અવાજે બોલ્યાં : 'મને અહીં કામ કરવું ખરેખર ગમશે.'

'વેતનેચ્છા?' પ્રાણભાઈએ પોતાના કાબરચીતરા, ટૂંકા વાળવાળા મસ્તક પર હાથ ફેરવીને પૂછ્યું, પ્રસન્ન થાય ત્યારે આવું કરવાની એમની સહજતા હતી.

જશુબહેન સંસ્કૃતવાળાં હોવા છતાં 'વેતનેચ્છા'માં સમજ્યાં નહીં. એમણે સંધિ છોડવાનો પ્રયત્ન કર્યો ત્યાં પ્રાણભાઈએ જ છોડી આપી : 'આપની કેટલા વેતનની ઇચ્છા છે?'

'ઓહ...' જશુબહેને કહ્યું. પછી મનમાં ગણતરી માંડી. એકલાં જ હતાં. મહિનાનો ખર્ચ, મકાનભાડું, કપડાં-લત્તાં, વીજળીબિલ, માંદગી... વિચાર કરતાં હતાં ત્યાં જ પ્રાણભાઈએ પૂછ્યું : 'સંસ્થામાં નિવાસેચ્છા ખરી?' પછી વળી મલકીને ઉમેર્યું : 'એ ઇચ્છશો તો નિઃશુલ્ક થઈ શકશે.'

ક્વાર્ટર્સ મફત મળે તો તો મોટો પ્રશ્ન ઊકલી જાય. એકલી યુવાન સ્ત્રી માટે સંસ્થામાં જ જો રહેવાની જોગવાઈ થઈ જતી હોય તો તો ઉત્તમ. એમણે પ્રાણભાઈની વાત સાભાર સ્વીકારી લીધી.

આ પછી પગાર ઇત્યાદિ માટે ઝાઝી બાંધછોડને અવકાશ રહ્યો જ નહીં. જશુબહેન બહુ જલદી સરસામાન લઈને આવી ગયાં.

■

નિવાસસ્થાન નાનું પણ સુઘડ હતું.સુઘડ હોય જ, કારણ કે સુઘડતા એ પ્રાણભાઈનો પ્રથમ સિદ્ધાંત હતો.

આ મકાનમાં અગાઉ કોઈ શિખાઉ ચિત્રકાર રહેતો હશે. એણે દીવાલો આડેધડ ચીતરી મેલી હતી. પ્રાણભાઈના લક્ષમાં આ હતું જ. એ તરત જ જાતે ચૂનાની ડોલ લઈ આવ્યા. પીંછડો અને મટોડી લઈ આવ્યા. ‘જાતે શ્રમ કરી સ્વાવલંબી બનવાનો મારો સહજ સિદ્ધાંત છે.’ એમ બોલીને દીવાલને ત્વરાથી ધોળી આપી. પછી સિદ્ધાંતદર્શક સિદ્ધાંતો લખેલાં કેટલાંક સુવાક્યોનાં પાટિયાં લઈ આવ્યા અને જશુબહેનના નિવાસની ભીંતે ખીલીઓ ઠોકીઠોકીને વળગાડી દીધાં. પછી બોલ્યા : ‘સુવાક્યેચ્છા મારા મનમાં પહેલેથી જ.’

જશુબહેને જોયું તો સુવાક્યના એક પાટિયાને પ્રાણભાઈ એક ભીના કપડાના ટુકડાથી ઘસીઘસીને વધુ સ્પષ્ટ બનાવતા હતા. જશુબહેને નજર ખેંચીને ઉકેલ્યું તો એના પર લખ્યું હતું : ‘હરીચ્છા બલિયસી.’

પછી જશુબહેન તરફ જોઈને એમણે કરુણ સ્મિત કર્યું. બોલ્યા, ‘મારાં અર્ધાંગિનીના અવસાન પછી મારા માટે આ સુવાક્ય મારા હૃદયે વજ્રલેપસમાન બની ગયું છે!’

‘કેટલાં વરસ થયાં મારાં બહેનને ગુજરી ગયે?’ જશુબહેને ધીરેથી પૂછ્યું : ‘અને કેમ કરતાં?’

પ્રાણભાઈએ નિઃશ્વાસના પર્યાય જેવું સ્મિત કર્યું, ‘બે વર્ષ થયાં. એ આઠમી કસુવાવડમાં ગયાં. મારો સિદ્ધાંત હતો કે ઔષધમાં તો આયુર્વેદ જ, અન્યથા પ્રાણાંતે પણ નહીં. એમાં એમનું દેહાવસાન જરી વહેલું થયું.’

અરેરાટી વ્યક્ત કરીને જશુબહેન મૂંગાં થઈ ગયાં.

થોડીવારે પ્રાણભાઈએ પૂછ્યું, 'તમારે?'

'દોઢ વરસ થયું.' જશુબહેનની આંખો ભીની બની : 'સર્પદંશ થયો હતો. દવાખાને પણ લઈ ગયા, પણ પ્રાણ ના બચ્યા.'

પ્રાણભાઈએ શોક વ્યક્ત કરતું મંદ સ્મિત કર્યું : 'ઈશ્વરેચ્છા, બીજું શું?'

સારી એવી વાર સુધી બેમાંથી કોઈ કશું ન બોલ્યું. જશુબહેન તો મોંએ સાડીના છેડાનો ડૂચો દઈને રડમસ ચહેરો બેઠાં જ રહ્યાં. ડૂમો ભરાઈ આવ્યો હતો, પણ પ્રાણભાઈ આસ્તેકથી બોલ્યા : 'મારા ઘરભંગ થવાને પણ હું ઈશ્વરેચ્છા જ લેખું છું. નહીં તો મારા માટે આપણા રાજ્યના એક પ્રધાનનાં વરિષ્ઠ પુત્રીનું કહેણ હતું, પણ મેં લગ્ન નહીં કરવાનો દઢ નિર્ધાર કર્યો છે. તરત જ કહેવડાવી દીધું : 'હવે લગ્નેચ્છા નથી.'

જશુબહેનને એમના માટે માન ઊપજી આવ્યું. એમણે પહેલી જ વાર પ્રાણભાઈને ધારીને જોયા. વાળ જરી કાબરચીતરા હતા, પણ ઉંમર ખાસ મોટી ના કહેવાય. ચહેરા ઉપર રાતી બુંદ લાલી હતી. શરીર તંદુરસ્ત પણ સારા લાગતા હતા. પાછો માણસ આવડી મોટી નામી સંસ્થાનો સંચાલક. કોઈ પણ રીતે બીજાં લગ્ન માટે અયોગ્ય ના કહેવાય.

વિચારતાં વિચારતાં એ જરા લજવાઈ ગયાં. એક જ દિવસની મુલાકાતમાં વિચારવું જરા વધુ પડતું ગણાય, પણ જો આ સંસ્થામાં જ ભણાવવાનું હોય, આ સંસ્થામાં જ રહેવાનું હોય, અને જો આ જમાનામાં પુનર્લગ્નની કોઈ નવાઈ ના રહી હોય તો...

એમણે પ્રાણભાઈ તરફ નવી નજરે જોયું. ને વળી લજવાઈ ગયાં, પણ પ્રાણભાઈ તો જાતને કહેતા હોય તેમ જમીન તરફ જોઈને હાથમાં ચૂનાનો પીંછડો ટપકાવતાં બોલતા હતા : 'લેશમાત્ર લગ્નેચ્છા નથી, હવે એ બંધન તો ના જ જોઈએ. સ્વર્ગમાંથી અપ્સરા કેમ ઊતરી નથી આવતી? લગ્નેચ્છા નહીં જ સેવવાની.

મારો એ વહાલો સિદ્ધાંત છે. ગાંધીચીંધ્યા માર્ગે ચાલનારે તો એકપત્નીવ્રત જ...'

વાત ચાલતી હતી એ દરમિયાન બારી પાસે જરા ખખડાટ થયો. બંનેએ જરી ઊંચી ડોક કરીને જોયું તો સાંજના અંજવાસમાં કોઈ નજીકમાંથી ઝડપથી ચાલ્યું ગયું હતું. કોણ હશે? જશુબહેનના મોં પર એકદમ મૂંઝવણ પથરાઈ ગઈ, પણ પ્રાણભાઈ પહોળું સ્મિત કરીને બોલ્યાઃ 'અન્યની વાતો સાંભળવાની ઇચ્છા રાખનાર સર્વત્ર હોય છે. એની ચિંતા ના સેવવી.'

એ ઊભા થયા. ડોલ અને પીંછડો લઈને બારણા તરફ ચાલ્યા અને પછી વળી જરી અટકીને બોલ્યા : 'અહીં ચોર આદિનો ભય નથી. રાત્રિના હું ઘણીયે વાર તપાસાર્થે નીકળતો હોઉં છું.' પછી વળી હળવેથી ઉમેર્યું : 'હવે તો એકલો જ રહ્યોને. શું કામ હોય?'

એ ગયા પછી જશુબહેને બારણું અટકાવ્યું.ને વાંચવા બેઠાં.

રાતે દસ વાગ્યે એ પુસ્તક મૂકીને સૂવાની તૈયારી કરતાં હતાં ત્યાં જ બારીના સળિયા પાછળ કોઈનું કાબરચીતરું માથું દેખાયું. બરાબર જોયું તો પ્રાણભાઈ હતા. એમના હાથમાં લાકડી અને ટૉર્ચ! બારીમાંથી એમણે દાંત દેખાડીને સ્મિત કર્યું. પછી બોલ્યા : 'મારો સિદ્ધાંત છે કે રાત્રિના દસ પછી કોઈને વિક્ષેપ ના કરવો, પણ મનમાં એક વાત ઊગી તે કહેવા આવ્યો છું.'

જશુબહેન બારણું ખોલતાં અચકાતાં હતાં એ જોઈને એમણે વળી નિર્ભય રહેવાની ખાતરી આપતું સ્મિત કર્યું : 'લગ્ન અંગેની વાત છે. દ્વાર ખોલો તો જ કહી શકાય તેમ છે.'

સિદ્ધાંતનિષ્ઠ માણસ તરફથી અંદેશો શો રાખવો? વળી કદાચ...જશુબહેનને મનોમન થોડું લજ્જાળું હસવું આવ્યું. કદાચ પ્રાણભાઈએ લગ્ન અંગેના સિદ્ધાંતમાં મને જોઈને થોડી બાંધછોડ કરી હોય. એક લગ્ન દ્વારા બે વૈધવ્યનો અંત આણવા માગતા હોય.

એમણે બારણું ખોલીને કહ્યું : 'આવો.'

પ્રાણભાઈ અંદર આવ્યા. ફરી વિશ્વાસ આપતું સ્મિત કર્યું. બોલ્યા : 'અહીં આટલા કલાકમાં તો સંસ્થામાં કોઈએ વાત ફેલાવી દીધી છે કે હું તમારી સાથે લગ્ન કરવા માગું છું.' વળી જરી અટકીને એ બોલ્યા : 'મારું મન આથી અત્યંત દુભાયું છે. મારા સિદ્ધાંત પરનો ઘા હું સહન નહીં કરી શકું. ત્રણ દિવસના ઉપવાસ અફવાશુદ્ધિ અર્થે કરવા માગું છું. અંતેવાસીઓને પ્રતીતિ થવી જોઈએ કે હું પ્રાણાંતે પણ લગ્નેચ્છા નથી સેવતો. ને...' વળી જરા થોભીને નજર નીચી કરીને બોલ્યા : 'તે તમને પણ હું કહેવા આવ્યો છું કે મને લગ્નેચ્છા લેશમાત્ર નથી પણ.'

પ્રાણભાઈ વાત પર આવતા નહોતા. જશુબહેને ચિડાઈને પૂછ્યું : 'શું પણ?'

'એટલું જ' પ્રાણભાઈ જરી આંખ ઊંચી કરી, ચમકાવી ને માથે હાથ ફેરવીને બોલ્યા : 'એટલું જ કે લગ્નેચ્છા નથી, પણ કામેચ્છા ખરી હોં!'

એટલું બોલીને જશુબહેનની આંખોમાંથી આગ ઝરતી જોઈને જ એ ધડાક દઈને બારણું બંધ કરીને બહાર નીકળી ગયા. ઝડપથી...

# મારી બેટી જાય જ કેમ?

ઇંદુભાઈને ઝોલાં આવતાં હતાં, પણ ઝોલાંમાંથી જામોકામી નીંદર પાકવા આડે પાંચસો વિઘ્નો નડતાં હતાં. પૅસેન્જરોનો કલબલાટ તો એકધારો હોય એટલે કાન કાંઈ એની નોંધ મગજને પહોંચાડતા નહોતા. સીંગચણાવાળા અને ચા-પાણીવાળા ફેરિયાઓ પણ ઊંઘના હવનમાં હાડકાં નાખનારા હતા. ગાડી પણ એવી અકોણી કે જ્યાં ઊંઘ એની ગતિ સાથે તાલ મિલાવવા જાય ત્યાં સ્ટેશન આવે અને આંચકા ખાતી ઊભી રહે. આવું થાય એટલે ઊંઘ ડહોળાય. એક તો બેઠાંબેઠાં સૂવું અને એમાં પાછી આ જફા!

માણસો પણ કેવા મૂરખ કે જરાય સમજે નહીં. ઊંઘવાને માટે પૂર્ણ પુરુષાર્થ કરનારને પણ હડબડાવીને જગાડે ને વળી પાછી ભોળેભાવે સરસામાનની ભાળવણી કરે. ઇંદુભાઈને પણ એક આદમીએ ખભેથી હચમચાવ્યા. કહે : 'ભાઈ, જરી મારી પાઘડી પર નજર રાખજોને! હું ચા પીને આ આવ્યો?'

સત્તરસો થીંગડાંવાળી, મેલીદાટ ચીંથરિયા જેવી પાઘડી, ને વળી એની ઉપર લાખ રૂપિયાની ઊંઘ ઓળઘોળ કરીને નજર રાખવાની? એકીટશે? ત્રાટક કરતો હોય તેમ? ઠીક છે. હવે બોલનાર તો બોલીને ચા ટાહોડવા ઊતરી ગયો. હવે એને નાય કેવી રીતે પાડવી? ને હવે ના પાડીનેય શું? નીંદર તો ગઈ તે ગઈ જ ને!

આવા વિચારોમાં બગાસું આવ્યું. ત્યાં બાજુવાળાને પગે પઈડકું ચડ્યું હોય એમ અચાનક ઊભો થઈ ગયો, ઇંદુભાઈને બાવડે હથેળી મૂકીને કહે : 'જરી ધ્યાન રાખજો મહેરબાન. હમણાં ચા લગાડીને આવું છું.' આટલું બોલીને જાણે ચા વગર જીવ નીકળી જવાનો હોય એમ ડબ્બાના બારણા ભણી ધસ્યો. ઊતરીને એક સાંધાવાળા જોડે ભટકાતાં ભટકાતાં રહી ગયો અને સાંધાવાળાના

હાથનો લીલો વાવટો નીચે પડી ગયો તે પણ ઇંદુભાઈએ ઊંઘાળવી નજરે જોયું. આવી રીતે ચા પીવા ગયા વગર શું અખંડિયારું રહી જતું હશે? માણસ તો અદશ્ય થઈ ગયો ને હવે આપણને ખીજ ચડી તે કોની ઉપર ઢોળવી? પેલાના ફાળિયા તરફ જોયું, બાજુમાં પડેલી પાઘડીના ક્ષીણ સંતાન જેવું. હવે તો આવી જ ચાકરી કર્યા કરો, ડાબા, જમણી પાઘડી ફાળિયા તરફ જોયા કરો. કોકના મગન (જગ્યા)ની ચોકીદારી કર્યા કરો. અને ઊંઘ તો હમણાં કંઉ ન્યાં ગઈ. પણ હજામના ફુવારા જેટલી ઝોલાની પણ આશા છોડો! વખત છે ને એટલીય ઘડીમાં કોઈ આ કીમતી જણસ બહાવી જાય તો?

'માણસ પણ સાવ નઘરોળ થઈ ગીયું છે.' એમ કોઈક કફવાળી ઉધરસ ખાઈને બોલ્યું. કોણ બોલ્યું? આકાશવાણી થઈ કે શું? ભગવાનનેય કફનો પ્રકોપ થઈ ગયો! ઇંદુભાઈએ ઉપર જોયું તો તૂટી ગયેલા પાંખિયાના પંખા પાસે ઉપરની બર્થ ઉપર એક ધોળી મૂછોવાળો ચહેરો હસતો લાગ્યો. ઇંદુભાઈની આપદા ન્યાળીને જ બોલ્યો : 'સાહેબ તમને આ લેવાદેવા વગરની વિયાધીને?'

ઇંદુભાઈ ઊંઘાળવું હસ્યા : 'ત્યારે?' પછી બોલ્યા : 'જુઓ છોને?'

'કયુંનો જોઉં છંવ'એ બોલ્યા અને મૂછે હાથ ફેરવ્યો : 'ચા પીધા વગર શું રહી જતું હશે માણસ તે આમ પાઘડી-ફાળિયા મૂકીને ભાગ્યું જ જાય છે!'

ઇંદુભાઈએ ધારીને જોયું. બગસરા બાજુના કોઈક નાનકડા ગામના દરબાર લાગ્યા. નફકરા લાંબા થઈને સૂતેલા ઉપલે પાટિયે. ઉપરની છાજલી પર છત્રી મૂકેલી. માથા નીચે બાવા આદમના જમાનાનો ઉતરડાઈ ગયેલી સિલાઈવાળો પોર્ટફોલિયો. બાજુમાં ભરત ભરેલી થેલી. એની ઉપર મોરપોપટ ભરીને વળી લીલા અક્ષરે આળખેલું : 'વાપરનાર સદા સુખી રહો.' દરબાર મરકમરક આડે પડખે કોણીને ટેકો દઈને ઇંદુભાઈની "વિયાધી"નું વિહંગાવલોકન કરી રહેલા હશે.

'ક્યાં રેવું?' દરબારે લાંબા ટાંટિયા ઉપર ટાંટિયા ચડાવીને પૂછ્યું.

'ધોરાજી' ઊંઘ આડે આ એક નવું રોડું. હવે પ્રશ્નોની પથરાવાળી થવાની કે શું રીતસર? - શું કરો છો? શું પગાર? ક્યાં પઇણ્યા? કેટલાં છોકરાં? લેનસર?

ઇંદુભાઈએ જવાબ દેવાની સાથે જ જમણે-ડાબે ફાળિયા પાઘડી પર નજર નાખી. એના ધણી હવે આવવામાં જ હશે. ગાડી પણ વરાળ છોડતી ભાળું. આપણે હવે ઊંઘને કંકોતરી લખો. લખી અને આવું આવું થઈ રહી. થોડી આંખ મીંચાણી પણ ખરી.

પણ ત્યાં તો કોઈનો ગાભરો અવાજ કાને પડ્યો : 'અરે પણ હમણાં લગી અહીં હતીને? ક્યાં ગઈ?' સ્વર આકળો હતો. એમાં રહેલી વ્યાકુળતા મડદાંને મસાણમાંથી બેઠાં કરી દે એવી. ત્યાં આ આવતી વહુ જેવી આવતી ઊંઘની કઈ દેન? ઇંદુભાઈએ આંખ ખોલતાં પહેલાં મનોપીડાનો એક ધોકો અનુભવ્યો : 'પાઘડી ગઈ કે શું?' પછી આંખો ખોલી,

પણ ના પાઘડી સલામત હતી, પણ પાઘડીવાળો વ્યાકુળ વૈષ્ણવ જેવો થઈ ગયો હતો. એણે એક મોટી પોટકી સીટ નીચે મૂકેલી એને કોઈ બઠાવી ગયું હતું. બિચારો ચા પીને આવ્યો, પણ ચાનો કાંટો ઊતરી જાય એવી બીના બની ગઈ. આખેઆખો સીટ નીચે પોટકીને ગોતવા માટે મરી ગયો. ને ધૂળધૂળ થઈને બહાર નીકળ્યો સાવ ધોયેલા મૂળા જેવો.

'પોટલીમાં હતું શું?' ઇંદુભાઈએ પૂછ્યું.

'અરે ભાઈ.' ચાનો પીધેલ અકળાઈને ચોતરફ નજર નાખતાં બોલ્યો : 'એમાં દીકરીના આણાનાં લૂગડાં હતાં અને ઘરચોળું હતું. નવુંનકોર.'

ઇંદુભાઈએ ઉપાડેલ પોપચે અફસોસ ફેંક્યો, પણ ઉપરથી દરબારે આકાશવાણી કરી : 'છેલ્લે ક્યારે જોયેલી?'

'ત્રણ-ચાર સ્ટેશન અગાઉ જ' ચાનો બંધાણી બોલ્યો : 'અરે

કહું છું. આ કુંકાવાવ જંક્શને જ છેલ્લીવેલ્લી ખાતરી કરેલી. કાળા પટ્ટાની ચા પીવા હેઠે ઊતર્યો ત્યારે જ...'

"એક આ ચાએ દી' દીધા' દરબાર બોલ્યા : 'ચા તમારો શ્વાસપ્રાણ લાગે છે. કુંકાવાવ ચા પીધેલી તોય પાછી અહીં ખીજડિયા ચા પીવા ઊતર્યા! ચોર તમારી નબળી રગ પારખી ગયો હશે. ને તમેય વળી ખરા છો ને બે ફદિયાંની પાઘડીની ભાળવણી કરીને જાવ છો, ને પાંચસોના પોટલાને સાવ રેઢું મેલી દો છો!'

'રેઢું નહીં રાખેલું.' દુભાયેલો જીવ બોલ્યો : 'મને એમ કે સીટ નીચે પડી છે તે ભલે પડી. એની ભાળવણી શું કરવી? સામુકનું કોઈના ધ્યાનમાં ચડાવવી?'

'પણ તો જાય કેમ?' દરબાર બોલ્યા : 'આપણા સામાનનું ધ્યાન આપણે નહીં રાખીએ તો શું રાજીવ ગાંધી રાખવા આવવાના છે?' વળી દરબાર એકને એક મુદ્રામાં થાક્યા હશે તે પણ બદલાવીને બોલ્યા : 'જાય જ કેમ?'

દરમિયાન બીજો જણ ચા પીવા ગયેલો તે આરામથી બીડી ફૂંકતો ફૂંકતો આવ્યો. એ પણ કાંઈક ટાપસી પૂરવા જતો હતો પણ ન સંભળાયું કારણ કે એન્જિને ફરી વાર જોરથી વરાળ છોડી. એક તો એન્જિને ઝનૂનપૂર્વક વરાળ છોડીને એ રીતે પોતાને ઠપકો આપ્યો એમ નુકસાનમંદને લાગ્યું. એમાં પેલો બોલ્યો એ પણ સંભળાયું નહીં એટલે એમાંય એને ઠપકાની ગંધ આવી. બિચારો અકળાઈ ગયો ને ફરી હાંફળોફાંફળો બનીને બીજી સીટ નીચે જોવા માંડ્યો. ઉપર દરબાર સર્વજ્ઞની મુદ્રાની ધીમુંધીમું હસી રહ્યા. પછી મૂછે હાથ દીધો ત્યાં એન્જિનની વરાળ બંધ થઈ ગઈ. એ બે ઘટના વચ્ચે કાંઈક ગહન સંબંધ હોય એવું ઘડીભર લાગ્યું. ફાળિયાવાળો, બીડી ફૂંકનાર અને એ પરસ્પર વાતે વળગ્યા એ ઇંદુભાઈને સ્પષ્ટ સંભળાયું.

દરબાર બોલ્યા : 'પણ જાય જ કેમ? હું કહું છું કે આપણો સામાન એમ જાય જ કેમ?'

દરબાર બોલ્યા : 'ચોરની ચારને સાવકારની બે આંખ્યો હોય છે.'

દરબાર વળી બોલ્યા : 'ઇ સંધુંય સાચું, પણ આપણે આપણા મુદ્દાનું બરોબર ધ્યાન તો રાખવું જોઈને? જાય જ કેમ? સવાલ ઇ છે કે...'

ઇંદુભાઈની ઊંઘ ધ્રાંગાધ્રાંગાં થઈ ગઈ. એથી, કે પછી પીડાયેલની પીડા એમને અડકી ગઈ હશે. તે બોલ્યા : 'દરબાર, તમે કોઈ દી' કોઈ ચીજ નથી ખોઈ?'

દરબારે મૂછ ખંજવાળી : 'અરે મુદ્દલેય નહીંને! શું કામેને ખોઈ? પૂરી ચોંપ નોં રાખી? આમ ભલે લાખ લૂંટાવી દઈએ, પણ મારું બેટું કોઈ આપણું ગુંજું તો કાપી જુએ? છઠ્ઠીનું ધાવણ તો યાદ કરાવી દઈ? કોની માએ સવાશેર સૂંઠ ખાધી છે? આપણી વસત આપણી પાહેથી જાય જ કેમ? ધાન નથી ખાતા? ધૂળ ખાઈ છીં?'

ગાડી ગતિમાં આવી ચૂકેલી એટલે પાઘડીવાળાનો ઉત્પાત શમી ગયો. ને ફાળિયા-ધણીની બીડી પૂરી થઈ, પણ દરબાર રંગમાં આવી ગયા. કહેતા હતા : 'હંમેશાં ગલઢાવ કહી ગયા છે કે મુસાફરીમાં ચાર ચીજનું ધ્યાન રાખવું. એક કે સામાન છોડીને નીચે નોં ઊતરવું. કદાપિને પેશાબ–પાણીએ જવું પડે તો ચાલુ ગાડીએ જવું. બીજું દરેક દરેક સામાનનો મુદ્દો આપણા પંડ્યની હારે અડે એમ ગોઠવવો. ત્રીજું, વધુ પડતો સામાન જ રાખવો નહીં, ચોથું, બને ત્યાં લગી મુસાફરી કરવી જ નહીં. આટલું ચોકઠું જો સમજીએ તો ચોરની દેન છે કે આપણી ચીજને આંગળીય લગાડે? હું તો કહું કે આપણી ચીજ આપણી આગળથી જાય જ કેમ?'

એમની બાકીની વાત ઇંદુભાઈની ઊંઘની નદીમાં હેઠવાસ તણાઈ ગઈ. એ જે બોલ્યા હોય એ. પણ બોલતાં બોલતાં થાક્યા હશે તે ખુદ ઘારોડી ગયા. ને દરબારને ઊંઘ ના આવે એવું થોડું જ છે? આવી જ ગઈ ને વળી લાંબી ભારખાના જેવી આવી. છેક

ધોળા જંક્શન ઊડી. ભજિયાંવાળાની બુમરાણ નડી. ઇંદુભાઈએ અદબમાં કેદ કરેલી ઊંઘ પણ ગઈ. આંખ ખોલી.

એમણે આંખ ખોલી ત્યારે દરબાર ઉપરના પાટિયે બેઠા થઈ ગયા હતા ને આકળવિકળ થઈને કાંઈક શોધતા હતા. ઇંદુભાઈએ પૂછ્યું : ‘શું શોધો છો આપ! અફીણની ડબ્બી નથી જડતી?’

‘અરે’ એ એકદમ ચિડાઈને બોલ્યા : ‘અફીણની ડબ્બીને તો કાંડી મેલોને મારા ભાઈ, હું તો આયાં કણે મારી થેલી રાખીને સૂતો હતો. મારી બેટી ગઈ ક્યાં? જરા જોવો તો? હેઠે પડી ગઈ છે એટલામાં ક્યાંય?’

પણ ઉપરનીચે, આગળપાછળ, ખૂણેખાંચરે, આકાશ કે પાતાળમાં ક્યાંય થેલી નહોતી. કોઈ હાથ મારી ગયું હતું. દરબાર એક હાથ લમણે ને બીજો હાથ મૂછે દઈને નિમાણા ચહેરે બેઠા.

ઇંદુભાઈએ પૂછ્યું : ‘બાપુ, તમે તો બહુ કહેતા હતા કે આપણી ચીજ જાય જ નહીં?’

‘હુંય ઈ જ કહું છું.’ દરબાર બોલ્યા : ‘મારું બેટું કૌતુક કહેવાય. જાય જ કેમ?’

‘થેલી કેવી હતી?’ પાઘડીવાલે પૂછ્યું : ‘મોટી હતી?’

‘અરે ઉપર ભરત નહોતું ભર્યું?’ દરબાર બોલ્યા : ‘કે વાપરનાર સદા સુખી રહો’ વળી અટકીને બોલ્યા : ‘પણ મારી બેટી જાય જ કેમ?’

■

થોડી વાર પછી જાજરૂના બારણા પાસેથી બાપુની ડુચ્ચો થઈ ગયેલી ખાલી થેલી મળી આવી. મહીંથી માલ ગાયબ હતો. એ તરત બોલ્યા : ‘જોયુંને, મળી આવીને! હું નહોતો કહેતો, કે મારી બેટી જાય જ કેમ?’

# મારે મન તો કાનખજૂરાના પગ જ વળી

જટામહારાજ આવ્યા અને ઓસરીમાં પેઢલી પાસે બેસી પડ્યા. ત્યાં જ કમળાબહેનને સમજાઈ ગયું કે, એક તો જટામહારાજની અવસ્થા થઈ. બીજું બહુ દૂરદૂર એમણે નવા ગામમાં નાનું એવું મકાન બનાવ્યું છે, છેક ત્યાંથી ચાલતાંચાલતાં આવ્યા છે. ત્રીજું ખરેખરા નાણાભીડમાં છે. નહીંતર બસભાડાના સાઠ પૈસા ખરચી શક્યા હોય અને ચોથું, બહુ મોટી આશા લઈને આવ્યા છે. એમની ચશ્માંળુ નજરમાં એવો ભાવ વંચાયો. અને ફાટેલાં કપડાં પણ એવું જ કાંઈક બોલતાં હતાં કે બને તો મને મા'રાજને કાંઈક આપવા જેવું છે.

પણ આપવું કેવી રીતે? કયા નિમિત્તે? પ્રસંગ તો ક્યાં કોઈ હતો?

'કાંઈક ગોઠવો' કરચલિયાળું મોં લાલ ગમછાથી લૂછીને જટાશંકર મહારાજ ધીમેથી માગણીગંધું હસ્યા : 'છેવટે સત્યનારાયણની કથા ગોઠવો.'

કથા મહિના દિવસ પહેલાં જ થઈ. બીજું તો કાંઈ હમણાં ખાસ છે નહીં એમ કમળાબહેને કહ્યું. પછી પાણીનો પ્યાલો ધરીને વળી બોલ્યાં : 'કથા વખતે તમને યાદ કરેલા.'

પાઘડી પછવાડે હાથ દઈને મહારાજ પાણી પીતા હતા. ગળાનો નંઢિયો ઊંચોનીચો થતો હતો. એકદમ ઘટક ઘૂંટડો ગળા નીચે ઉતારીને પૂછ્યું. 'યાદ કર્યે શું વળે? બોલાવવો જોવેને?'

'આશિષ એના કોઈ ઓળખીતા જુવાન ભ્રામણને બોલાવી આવેલો. મેં તો ઘણું કહ્યું કે જટામહારાજને કહી આવ, પણ કહે કે નવા ગામ સુધી લાંબું કોણ થાય?'

'આજકાલની પ્રજા...' જટામહારાજે ફરી પાણીનો ગ્લાસ અધ્ધરથી પીવા માંડ્યો : 'કોઈ સંબંધ જેવી ચીજ જ ના મળે...

નહીં તો શું કે આ ઘરમાં ખાલી સ્વસ્તિ કહીને સંકલ્પ કરાવવાનો હોય, ને હું ગામતરે ગયો હોઉં તોય ખાસ મારી વાટ જોવાય... બીજા વિપ્રનો ટાંટિયો હોય નહીં આ ઉંબરામાં...'

'સાચી વાત છે,' કમળાબહેન નમાલું બોલ્યાં. જટામહારાજની દયા આવતી હતી, પણ જે રીતે દાદાગીરીથી હક્ક માગતા હતા એ રીત ગમતી નહોતી. એ વાત પણ સાચી હતી કે બાપુજી જીવતા હતા ત્યારે જટામહારાજની આ ઘરમાં બોલબાલા હતી. દિશાશૂળથી માંડીને લગ્ન સુધીના પ્રસંગો જટામહારાજની અગડમબગડમ્ જીભથી ઊકલતા હતા, પણ એ જીભ ક્યારેય કડવી નહોતી બનતી. આજે આમ કેમ? બાપુજી ગુજરી ગયા, બા ગયાં, ભાઈઓ પરગામ કમાવા ચાલ્યા ગયા ને આ ઘરમાં હવે એવા તો કેવા પ્રસંગો આવે કે જટોમહારાજ જરૂરીને જરૂરી ગણાય? વળી એ પોતે પરાનું ઘર વેચી મારીને ફનાફાતિયા કરીને નવા ગામ દૂર રે'વા ચાલ્યા ગયા એનું કાંઈ નહીં?

'મોટાને ક્યાં પરણાવ્યો?'

'બરવાળા-ઘેલાશા' કમળાબહેન બોલ્યાં : 'પણ એમાં તમને કે'વરાવવા જેવું નહોતું.'

'કાં?' જટામહારાજે કહ્યું : 'હવે આટલાં વરસે અમે નાપાસ?'

'એવું નથી જટાબાપા,' કમળાબહેન મરકીને બોલ્યાં : 'મોટો જાતે જ કન્યા ગોતી આવ્યો હતો. જમાના પ્રમાણે એને તો આર્યસમાજથી પરણવું હતું, પણ મેં એની વાતને ગણકારી નહીં. મેં કહ્યું કે લગ્નમાં હાજર નહીં રહું. મને હાજર રાખવી હશે તો રીતસર જાન લઈને જવું પડશે. ગોરને બોલાવવો પડશે. મેં તો તમારું નામ આપેલું, પણ એણે કહ્યું કે, ગોર ભલે આવે. પણ તમે કહો છો એ નહીં, હું કહું એ આવશે. કહે કે મારે અગડમબગડમ્ પરણાવે એવો ગોર નહીં, પણ કોટ-પાટલૂનવાળો ગોર જોઈએ.'

'પછી?' જટામહારાજે ખભા ઉપરનો ગમછો સરખો કર્યો, 'કોટ-પાટલૂનવાળા ગોર તે કાંઈ હોતા હશે?'

'એ પોતે ગોતી આવ્યોને!' કમળાબહેન બોલ્યાં : 'પાછો કેવો? આમ જુઓ તો કડકડાટ સંસ્કૃત બોલે, શ્લોકેશ્લોકના અરથ સમજાવે. કહે છે કે બનારસથી ભણીને આવેલો, ને મુંબઈ રહેતો હતો. મૂઓ પાછો નાચણિયોય ખરો!'

'એટલે?'

'અરે, ઉતારેથી જાન લઈને કન્યાના માંડવે જતાં હતાં. ગોરના હાથમાં કંકુની થાળી હતી. એમાં થોડાંક જુવાન જાનૈયાંને મન થયું તે ચાલતાંચાલતાં નાચવા માંડ્યાં. હમણાં તો એવું બહુ હાલ્યું છેને! એ તો ઠીક કે નાચે, પણ એમાં આ ગોરનેય શું શૂરાતન ચડ્યું કે હાથમાંની થાળી કોઈક બીજાના હાથમાં પકડાવીને પોતેય કૂદી પડ્યો. શું કહેવાય, બળ્યું યાદેય નથી આવતું, હા, ડિસ્કો! ડિસ્કો કરવા માંડ્યો રસ્તા વચ્ચે, લો બોલો કાંઈ કહેવું છે! ગોર ડિસ્કો કરે!'

'હરિ... હરિ...' જટાશંકરની આંખો ઝીણી થઈ ગઈ. કલ્પનાના પડદા ઉપર એમને ડિસ્કો કરતો જુવાનિયો દેખાયો. નફરતનો એક જોરદાર ઉછાળો અંદરથી આવ્યો અને મોં ઉપર રેલાઈ ગયો. આ દુનિયાનું... રસાતાળ રસાતાળ...

'એટલે એ વાત તો કરવા જેવી જ નથી.' કમળાબહેન બોલ્યાં : 'નાનાને તો હજુ પરણવાને વાર છે, પણ એનુંય એવું સમજી લેજો. જમાનો બારીક આવી ગયો છે. આપણા જેવા બોલે તો બે ખાય. હવે તો ન બોલ્યામાં જ નવ ગુણ છે.'

'પણ ત્યારે મારે મારું શું સમજવું?' જટામહારાજ જરા નિરાશ થઈને બોલ્યા : 'તમે તો અમારો ગરાસ કહેવાવ. તમે આમ પાણીમાં બેસી જશો?'

'બાપુજીના જમાનાની વાત મહારાજ નોખી હતી.' કમળાબહેન બોલ્યાં : 'એમને શ્રદ્ધા હતી. ગોરને ભગવાન માનતા. એમને નભાવવા એ ફરજ ગણાતી એમના જમાનામાં. હવે તો... શું કહું! જાવા દોને વાત!'